ગાંધીનગર સમાચાર

**એમઆઈજી સ્કીમમાં ફરી બેદરકારીથી કાનમ ફ્લેટનો પેસેજ ધસી પડ્યો**

# ગાંધીનગરમાં અગનવર્ષા : પારો ૪૪ ડિગ્રી

## સિઝનની રેકર્ડ બ્રેક ગરમી સુરેન્દ્રનગર બાદ ગાંધીનગર રાજ્યમાં બીજા સ્થાને : આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ત્રણ ગણો તફાવત





ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં આજે આકાશમાંથી અંગારા વરસતા જનજીવન આકરી ગરમીથી પ્રભાવિત જોવા મળ્યુ હતુ. દિવસ દરમિયાન ગરમીનો પારો ૪૪ ડીગ્રી પહોંચી જતા સિઝનનુ મહત્તમ તાપમાન નોંધાયુ હતુ. સમગ્ર રાજયમાં સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૫ ડી ગ્રીએ રહયો હતો. જયારે ગાંધીનગર હીટવેવની દ્રષ્ટીએ બીજાક્રમે રહયુ હતુ. ધગધગતી બપોરે નગરના માર્ગો સુમસામ બની ગયા હતા. ચૈત્ર આકાશે ચઢતા આકાશમાંથી વરસતી અગ્નજવાળે નગરજનોને બેબાકળા કરી દીધા હતા. ચામડીને દાહ આપતી ગરમીથી બચવા નગરજનોએ કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. રાજયમાં હજુ ૪૮ કલાક હીટવેવની આગાહી હવામાન તજજ્ઞોએ કરી છે.

ઉનાળો આકરો બનતા ચૈત્ર આકાશે ચઢયો છે. ગરમીનો મિજાજ ઉગ્ર બનતા આકાશમાંથી અંગારા વરસી રહયા છે. સમગ્ર રાજયમાં આજે સુરેન્દ્રનગરમાં મહત્તમ ૪૫ ડી ગ્રી તાપમાન નોંધાયુ હતુ. રાજકોટમાં પણ ગરમીનો પારો ૪૪ ડી ગ્રી એ

● અનુસંધાન પાન-૭ પર

# અછત સમિતિની બેઠકમાં સમીક્ષા : ત્રણ જિલ્લામાં ઘાસના જથ્થાની ફાળવણી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં સંભવિત અછતની સ્થિતિ અંગે આજે મળેલી અછત સમિતિની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી અને ત્રણ જિલ્લાઓમાં ઘાસનો જથ્થો આપવામાં આવ્યો છે. એમ રાજ્યના મહેસૂલમંત્રીએ જણાવ્યું હતું.

રાજ્યના મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષપદે આજે રાજ્યકક્ષાની અછત સમિતિની બેઠક મળી હતી. જેમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઘાસચારા અને પીવાના પાણીની સ્થિતિ અંગે સમીક્ષા કરીને કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા.

અછત સમિતિની બેઠક અંગેની વિગતો આપતા રાજ્યના મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે કચ્છ જિલ્લામાં પાંચ લાખ કિલો ઘાસ મોકલવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ જિલ્લામાં ૭૭ કિલો સુરેન્દ્રનગર જિલ્લામાં ૨ લાખ કિલો ઘાસ મોકલવામાં આવ્યું છે. રોજ પશુદીઠ પ્રતિદિન રૂ. ૨ લેખે ૪ કિલોગ્રામ ઘાસની ફાળવણી કરવામાં આવશે અને એક અઠવાડિયાનો જથ્થો સાથે જ ફાળવવામાં આવશે.

ઘાસચારા ઉપરાંત પીવાના પાણીની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે કચ્છ સુરેન્દ્રનગર, પોરબંદર, દેવભૂમિદ્વારકા, અમરેલી, પાટણના ૧૭ તાલુકાના ૭૪ ગામોમાં ૨૮ પરા સહીત કુલ

● અનુસંધાન પાન-૭ પર

# અડાલજની આધેડ મહિલાને કોલેરા પોઝીટીવ જણાયો !!

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના અડાલજમાંથી એક આધેડ મહિલાને કોલેરા પોઝીટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મહિલા દર્દી બહારગામ ગયા હતા અને પાછા આવતાં તેમને શનિવારે ઝાડા-ઉલ્ટી થયા હતા. જેનું ગાંધીનગર સિવિલમાં પરીક્ષણ કરતાં કોલેરા પોઝીટીવ જણાયો હતો. મળતી વિગતો મુજબ હાલ દર્દીની સ્થિતિ ઘણી સારી છે અને ઝડપથી પુનઃ તંદુરસ્તી પ્રાપ્ત કરી રહેલ છે. તંત્રએ આ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરી હતી પરંતુ કોઈ શંકાસ્પદ તાવ કે ઝાડાના કેસ મળી આવેલ નથી. જો કે જિલ્લામાં જે રીતે હીટવેવ ચાલી રહ્યો છે તેથી તંત્રએ પણ તેના અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા તેમજ લોકોને ખુલ્લો રાખેલો ખોરાક ન ખાવાની સલાહ આપી છે.

# પોસ્ટ કચેરીઓનો વહીવટ ખાડે : સર્વર ડાઉન આકરી ગરમીમાં અરજદારો ધક્કે ચઢયા

## પેન્શનર્સ તેમજ ચલણ ભરપાઇ કરવા આવતા અરજદારોને મુંઝવણ

ગાંધીનગર તા ૧૨

શહેરની પોસ્ટ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થતા અરજદારોએ આકરી ગરમીમાં ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. પોસ્ટ કચેરીમાં નેટ બંધ હોવાના લીધે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો પણ ચલણ ભરવા માટે મુંઝવણ અનુભવી રહયા છે. બેંક અને પોસ્ટ કચેરીનો વહીવટ ડિઝીટલ બનાવાની વાતો વચ્ચે આમ નાગરિકોના પ્રાથમિક કામો પણ અટવાય તેવી સ્થિતિ છે. પેન્શનર્સ પણ પોસ્ટ કચેરીની આ દશાના લીધે પારાવાર હેરાનગતિ વેઠી રહયા છે. સે-૭ ની પોસ્ટ કચેરીમાં પણ છેલ્લા ૧૦ દિવસથી નેટ બંધ હોવા છતા કોઈ પગલા લેવાતા નથી.

એકબાજુ ડીઝિટલ ઈન્ડીયાનુ સ્વપ્ર સાકાર કરવા માટે તમામ પ્રયાસો અમલી બનાવાયા હોવાની વાતો થાય છે. સરળ અને પારદર્શક વહીવટની નેમ વચ્ચે અરજદારો અને આમ નાગરિકોની મુંઝવણ દુર કરવા તમામ પ્રકીયાઓનુ ડિઝિટલાઈઝેશન કરવાની દિશા તરફ મીટ મંડરાઈ છે. પરંતુ નગરની બેંકો તેમજ પોસ્ટ કચેરીમાં હજુ પણ જુની સિસ્ટમ મુજબ અરજદારોને કલાકો સુધી કતારમાં ઉભા રહેવુ પડે છે. પોસ્ટ કચેરીમાં પણ મેન પાવરના અભાવ વચ્ચે સઘળો વહીવટ ખાડે ગયો છે. બીજીતરફ સર્વર ડાઉન હોવાના લીધે અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. પોસ્ટ કચેરીમાં મોટાભાગે પેન્શનર્સ વધુ જતા હોવાથી સિનિયર સિટિઝન્સ માટે પોસ્ટ કચેરીનો વહીવટ માથાના દુખાવા રૂપ બન્યો છે. નગરની પોસ્ટ કચેરીમાં સર્વર ડાઉન રહેતા પેન્શનરો સહીત અન્ય અરજદરોએ આકરી ગરમીમાં ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આજે પણ ગરમીનો પારો ઉંચે હતો તેવા સંજોગોમાં પોસ્ટ કચેરીમાં કામ અર્થે આવતા અરજદારોના કામો અટવાયા હતા. સે-૭ ની પોસ્ટ કચેરીમાં છેલ્લા ૧૦ દિવસથી નેટ બંધ હોવાથી ચલણ ભરપાઈ કરવા આવતા ઉમેદવારો પણ અટવાય છે. સ્પર્ધાત્મક પરીક્ષા માટે ચલણ ભરવા આવતા ઉમેદવારોએ પણ પાછા ફરવાનો વારો આવ્યો હતો. હાઈટેક વહીવટ અને ડિઝિટલ ઈન્ડીયાની વાતો વચ્ચે નગરની પોસ્ટ કચેરીઓમાં પેન્શનર્સે ધક્કે ચઢવાનો વારો આવ્યો છે.

# પાણી-ગટર વેરાના વસુલાતના અંતે બાકીદારોને નોટીસ અપાશે

## વસુલાત ઝુંબેશના અંતે પણ માંડ ૪૦ ટકા જ વેરાની ચુકવણી

ગાંધીનગર તા ૧૨

શહેરમાં પાણી ગટર વેરાની ઝુંબેશના અંતે વસુલાતનુ નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. જો કે હજુ પાણી ગટર વેરાના બાકીદારોની યાદી તંત્ર પાસે તૈયાર નથી. ટુંકમાં બાકીદારોની યાદી તૈયાર કરી દેવાયા બાદ નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે. નગરના જુના અને નવા સેકટરો સહીત શહેરી વિસ્તારના ગામોમાંથી માંડ ૪૦ ટકા પાણી ગટર વેરો વસુલાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે પ્રતિવર્ષ માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત માર્ચ મહીનામાં પણ એડવાન્સ વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ કરોડોના બાકી માંગણા સામે ઝુંબેશના અંતે પણ તંત્ર દ્વારા કોઈ નોંધપાત્ર વસુલાત રીકવર કરી શકાઈ ન હોવાનુ

સ્પષ્ટ થયુ છે. વેરા વસુલાતના બાકી માંગણા સામે માંડ ૪૦ ટકા જ વસુલાત થઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બીજીતરફ તંત્રના ચોપડે જુના બાકીદારોની યાદી પણ મોટી છે. ત્યારે વસુલાતની નબળી કામગીરીને અસરકારક બનાવવા માટે પણ વળતર આપવાની યોજના અમલી બનાવાઈ છે. પરંતુ ઝુંબેશના અંતે પણ વસુલાત ક્ષેત્રે નોંધપાત્ર આંકડો પ્રાપ્ત થયો નથી. ત્યારે હજુ બાકીદારોની યાદી તૈયાર નથી. તંત્ર દ્વારા બાકીદારો પાસેથી વેરો વસુલવા યાદી આખરી કરી નોટીસ આપવાની પ્રકીયા હાથ ધરાશે.

# એમઆઈજી સ્કીમમાં ફરી બેદરકારીથી કાનમ ફ્લેટનો પેસેજ ધસી પડ્યો

## ‘બી’ અને ‘સી’ બ્લોક વચ્ચેનો પેસેજ ધસી પડતા રહીશોના જીવ પડીકે બંધાયા : બરાબર આ જગ્યાએ જ આવેલા ફ્લેટના પાણીના બોરને પણ નુકશાન





ગાંધીનગર, તા. ૧૨

કુડાસણ વિસ્તારમાં ગુડાની એમઆઈજી સ્કીમના બાંધકામ દરમ્યાન બાજુમાં આવેલ કાનમ ફ્લેટના પાયા ખોદાઈ જવા પામતા ભારે હોબાળો મચ્યો હતો. આજે ફરીવાર બાંધકામ કરી રહેલા કર્મચારીઓની બેદરકારીથી કાનમ ફ્લેટના ‘બી’ અને ‘સી’ બ્લોક વચ્ચેનો પેસેજ તુટી જવા પામતા ફ્લેટના રહીશો ફફડતા જીવે એકઠા થઈ જવા પામ્યા હતા. વળી, આ વખતે જે જગ્યાએ ખોદકામ કરાયું છે ત્યાં કાનમ ફ્લેટનો પાણીનો બોર આવેલો છે જે પણ તેની જગ્યાએથી થોડોક ખસી જવા પામતા કાનમ ફ્લેટના રહીશો ચિંતાતુર બન્યાં છે.

ગુડા દ્વારા કુડાસણ ખાતે નિર્માણ પામી રહેલ એમઆઈજી સ્કીમમાં બાંધકામમાં બેદરકારીના કારણે કાનમ ફ્લેટના રહીશો માથે

● અનુસંધાન પાન-૭ પર

### પહેલા ગટરલાઈન અને હવે પાણીના બોરને નુકસાન

કાનમ ફ્લેટના બી અને સી બ્લોક વચ્ચે સોસાયટીનો પાણીનો બોર આવેલો છે. જે જગ્યાએ પેસેજ ધસી પડતા બોરને નુકસાન પહોંચ્યુ છે. આ બોર તેની જગ્યાએથી ખસી જતા રહીશોમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. કાળઝાળ ગરમીમાં બોરને કાયમી નુકશાન પહોંચશે તેવી ભીતિએ કાનમ ફ્લેટના રહીશોમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે.

### અમિત શાહના નિવાસસ્થાને મહત્વપૂર્ણ બેઠક

અમદાવાદ, તા.૧૨

ભાજપ પ્રમુખ અમિત શાહ હાલમાં અમદાવાદમાં પ્રવાસમાં છે. સામાજિક પ્રસંગસર આવેલા અમિત શાહને મળવા માટે સવારથી જ દોર શરૂ થયો હતો. જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા પણ થઈ હતી.

વડાપ્રધાન મોદી ૧૬મીએ સુરત પહોંચી રહ્યા છે ત્યારે આ વિષય પર પણ ચર્ચા થઈ હતી. અમિત શાહના પુત્ર જય શાહના ઘરે દીકરીનો જન્મ થતાં તેમના પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે. આ પ્રસંગે તેઓ અમદાવાદ આવી પહોંચ્યા છે આજ સવારથી અમિત શાહના નિવાસસ્થાને મુખ્યપ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલ સહિતના પક્ષના સિનિયર આગેવાનો અને ધારાસભ્યો અને કાર્યકરોએ મુલાકાત લીધી હતી.

# ભાસ્કર ગ્રુપના અધ્યક્ષ રમેશચંદ્ર અગ્રવાલને ભાવભીની શ્રદ્ધાંજલિ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શ્રદ્ધાંજલિ : મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલ તેમજ કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓએ અગ્રવાલને અંજલિ અર્પણ કરી

અમદાવાદ, તા.૧૨

દૈનિક ભાસ્કર ગ્રુપના ચેરમેન રમેશચંદ્ર અગ્રવાલના નિધનને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને શ્રદ્ધાંજલિ આપી છે. તો ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, પ્રદીપસિંહ જાડેજા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલા સહિતના નેતાઓએ એપોલો હોસ્પિટલ ખાતે જઈને અગ્રવાલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહ, મધ્ય પ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણ, રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ પણ ટ્વીટ કરીને અગ્રવાલને શ્રદ્ધાંજલિ આપી છે. દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભાસ્કર અખબાર મીડિયા જુથના રમેશચંદ્ર અગ્રવાલના દુઃખદ અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. વિજય રૂપાણીએ આજે સ્વ. રમેશચંદ્ર અગ્રવાલના અવસાનના સમાચાર મળતા તેઓ ગાંધીનગર નજીકની એપોલો હોસ્પિટલ પહોંચ્યા હતા અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ સાથે સ્વ. અગ્રવાલને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ અગ્રવાલને શોકાંજલિ પાઠવતા કહ્યું કે, પત્રકારિતા ક્ષેત્રે દેશના અગ્રણી જુથના અધ્યક્ષ તરીકે રમેશચંદ્ર અગ્રવાલે આપેલું યોગદાન



સદાય યાદ રહેશે. મીડિયા જગતની એક અગ્રણી હસ્તીની આપણને હંમેશા ખોટ સાલશે તેમ પણ તેમણે રમેશચંદ્ર અગ્રવાલને અંજલિ આપતા જણાવ્યું હતું. ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે આજે પૂજ્ય કસ્તુરબા ગાંધીના ૧૪૯મા તથા સરદાર સિંહ રાણાના ૧૪૮મા જન્મદિવસ નિમિત્તે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર દ્વારા તેમના તૈલચિત્રોને પુષ્પાંજલિ આપવામાં આવી હતી.


**બેસણું**



અમારા પૂ.માતૃશ્રી હિરાબા અર્જુનસિંહ રહેવરનું દુઃખદ અવસાન તા. ૧૦-૦૪-૨૦૧૭ને સોમવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૪-૦૪-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ગોરફળી, મું.પો. વડાલી, જિલ્લો : સાબરકાંઠા (ઉ.ગુ)

લિ. રહેવર જશવંતસિંહ અર્જુનસિંહ (નિવૃત નાયબ કાર્યપાલક ઈજનેર)
રહેવર વિક્રમસિંહ અર્જુનસિંહ (નિવૃત Dy S.P)
રહેવર મહેન્દ્રસિંહ અર્જુનસિંહ (કેમીકલ એન્જીનીયર GNFC ભરૂચ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com